EDII

Navgujarat Samay

June 10, 2016
Page No. 4

# EDIમાં સમર કેમ્પનું સમાપન




**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે બુધવારે 30મા સમરકેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો. આ કેમ્પમાં 8 રાજ્યના 45 પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો.

ઈડીઆઈ દ્વારા આયોજિત આ સમર કેમ્પમાં પાર્ટિસિપન્ટ્સને કંઈક હટકે વિચારવાની અને પોતાનામાં રહેલી છુપી ક્ષમતાઓને પારખવાની તાલીમ આપવામાં આવી હતી. પાર્ટિસિપન્ટ્સે કેમ્પ દરમિયાન નેતૃત્વ, ટીમવર્ક અને સંશોધનવૃત્તિ જેવી બાબતો પર પણ અભ્યાસ કર્યો હતો. આ સાથે જ પાર્ટિસિપન્ટ્સને કેરિયર કાઉન્સેલિંગ અને સાઈકોમેટ્રિક પ્રોફાઈલ દ્વારા પોતાની આંતરિક ક્ષમતાને પીછાણીને ભવિષ્યની કારકિર્દી તરફ આગળ વધવાની તક આપવામાં આવી હતી.

સમર કેમ્પના સમાપન પ્રસંગે યુવાનોનું સંબોધન કરતાં ઈડીઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "એક ઉદ્યોગસાહસિક જ જોખમનું મહત્વ સમજી શકે છે અને આ કેમ્પમાં પાર્ટિસિપન્ટ્સે શીખેલા પાઠ તેમને ભવિષ્યના જીવનમાં ઘણાં ઉપયોગી થશે."